# –::: શહરૂલ્લાહ : એક અઝીમુશ્શાન ઈલાહી મેહમાન :::–

અલ્લાહતઆલાનો હમ પર કરમ અને એહસાન છે, એની હમારે પર નવાઝિશ છે કે હમને રમઝાનુલ મોઅઝ્ઝમ તક પહોંચાવા, ઈબાદત અને રિયાઝત કરવાની નેક તૌફીક આપી અને હમારા ઈમાનને કામિલ કરવાનો એક મૌકો નસીબ કીધો. રમઝાનુલ મોઅઝ્ઝમ એક મખ્સૂસ મહીનો છે કે જેની ઝિક્ર અલ્લાહતઆલા કુરઆને કરીમમાં કરે છે કે, **"શહરો રમઝાનલ્લઝી....."** રમઝાન અલ્લાહતઆલા નો મહીનો છે તે સબબ એનું નામ શહરૂલ્લાહ છે. જે મુજબ હર તે જગા જહાં અલ્લાહની ઈબાદત થાય એ મસ્જિદ છે, અલ્લાનું ઘર છે, મગર મક્કામાં કાઅબતુલ્લાહની મસ્જિદની ફઝીલત ઝિયાદહ છે, કે એ જગાને અલ્લાહતઆલાએ પોતાના તરફ મન્સૂબ કીધી છે. એ જ મિસિલ શરીઅતના તમામ આઅમાલ કરવાના હુકુમ આવા છે મગર રોઝાને અલ્લાહતઆલાએ પોતાના તરફ મન્સૂબ કરીને એની ફઝીલત બતાવી છે અને એને રમઝાનમાં ફરઝ કીધા છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"અસ્સવમો લી વઅના અજઝી બેહી"**, માઅના : રોઝા મારા વાસ્તે છે અને હું એની જઝા આપીશ. એક દીગર મિસાલ એ છે કે, તમામ ઈન્સાન અલ્લાહના બંદા છે મગર સરવરે કાએનાત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અલ્લાહતઆલાએ હબીબુલ્લાહ લકબ ઈનાયત કરીને આપ (સ.અ.વ.વ.) ને અલ્લાહતઆલા એ પોતાના તરફ મન્સૂબ કરી દીધા અને આપની ઈઝ્ઝત, શરફ અને જલાલતને ઝાહિર ફરમાવી.

રમઝાનુલ મોઅઝ્ઝમ સાલના નવમા મહીના છે, તેની અઝમત, બલંદી, વકાર ને પહેચાનવી જોઈએ. ૯ એ અહદ (એકમ) નો તમામથી ભારી અદદ છે. ૯ એ ફલકુલ મોહીત તરફ દલાલત કરે છે કે જે ફલકુલ મોહીત તમામ અફલાક (આસ્માનો), બુરૂજ અને સૈયારાત (સિતારા) ને ઘેરો કરનાર છે. ફલકે મોહીત ની જ હરકતથી તમામની હરકત (ચાલ) છે. ફલકે મોહીત તમામથી પહેલા હરકત કરનાર છે અને હરકત કરાવનાર છે. ફલકે મોહીતની ગરદિશ થી બીજા તમામ અફલાકની ગરદિશ છે અને આ જહાનમાં ઝિંદગી છે. દીગર, માઁ ના રહેમ (પેટ) માંથી નવમૌલૂદ નવ મહીના બાદ મુકમ્મલ પૈદા થાય છે અને દુનિયાની ખૂલી ફિઝામાં આવે છે અને સુકૂન અને ઈત્મેનાન હાસિલ કરે છે. એક મુમિન બંદો પણ જે વક્ત રમઝાનુલ મોઅઝ્ઝમના તમામ હુકૂક અદા કરી દે છે અને અલ્લાહતઆલા એને ઈદુલ ફિતર નસીબ કરે છે તે વક્ત એને એમ એહસાસ થાય છે કે, તે હવે તમામ ફરઝોને અદા કરવાની મેહનતને ઉચકીને ૩૦ અય્યામ બાદ પુખ્તા ઈમાન સાથે ફરિશ્તાઈ દુનિયાની ખુલી ફિઝા માં આવો અને એને અલ્લાહતઆલાની રેહમતનું સુકૂન હાસિલ થયું. ફલકે મોહીત જેમ **રમઝાનની ઇબાદતોની હરકતનો અસર એ મુજબ મુમિનની તબીઅત પર થાય છે કે બીજા ૧૧ મહીના તક એની રહેની-કરનીમાં ગરમજોશી રહે છે.**

રમઝાનુલ મોઅઝ્ઝમની ફઝીલત એના મન્સૂલના સબબથી છે. કેમ ન હોય ? શહરૂલ્લાહના મન્સૂલ અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) છે કે જેની કદર, અઝમત અને ઈઝ્ઝો વકાર અલ્લાહતઆલા ને નઝદીક અઝીમ છે. હમારા મૌલા મુશ્કિલકુશા મૌલાના અલી (અ.સ.) એ જ શખ્સીયત છે કે જેની શફાઅત ના સબબ હમને હકીકી જન્નત નસીબ થાશે, ખુલ્દમાં મકામે મુમ્તાઝ અતા થાશે. આપ (અ.સ.) ફરમાવે છે કે, **"અનલ અવ્વલો વલ આખેરો વઝ્ઝાહેરો વલ બાતિન"**. આપ અવ્વલ (પહેલા) એ સબબ થી છે કે, આપે જ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની તમામથી પહેલા દાઅવતને કુબૂલ કીધી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મોઈન અને મદદગાર બના. આપ (અ.સ.) આખિર (છેલ્લા) એ સબબ થી છે કે, ઈસ્લામના આખરી રૂકન (વલાયત) ની અદાયેગી પણ ગદીરે ખુમ્મના મૈદાનમાં આપની ઝાત મુબારક પર જ થઈ. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપને વસાયતનો સરતાજ પેહરાવો અને મુમેનીન ના મૌલા બનાવા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅતની ઈબ્તેદા અને ઈન્તેહા હમારા આકા અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) થી છે. આપ ઈલાહી નૂર ને ઝાહિર કરનાર હતા, નબવી ઈલ્મ અને કુરઆનના એહકામની તાવીલ ને ઝાહિર કરનાર હતા અને શરીઅત અને કુરઆનના અસરાર (મખફી વાતો) ને છુપાવનાર પણ હતા, આ સબબથી આપ ઝાહિર અને બાતિન છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો મહીનો શાઅબાનુલ કરીમ છે જે રજબ અને શહરૂલ્લાહને દરમિયાન છે. રજબ મૌલાના અલી (અ.સ.) ની વિલાદતનો મહીનો છે અને રમઝાનુલ મોઅઝ્ઝમ મૌલાના અલી (અ.સ.) ની શહાદતનો મહીનો છે, જે ચીઝ એમ દલાલત કરે છે કે શરીઅતે મોહંમદીની બુનિયાદ ઈબ્તેદામાં યા ઈન્તેહામાં મૌલાના અલી (અ.સ.) અને આપની આલે અત્હર (અ.સ.) ની વલાયત પર જ છે. એનાથી શરીઅતે મોહંમદીની કમાલીયત છે, તમામીયત છે.

**"રમઝાન"** લફ્ઝ માં પાંચ હુરૂફ છે અને એની માઅના : રા-રેહમત; મીમ-મગફેરત; ઝાદ-જન્નત અને નજાતની ઝમાનત; અલિફ-ઉન્સત(રાહત) અને નૂન-નેઅમત થાય છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ શહરૂલ્લાહના અય્યામોને તીન દસકામાં તકસીમ ફરમાવા છે. **પહેલો રેહમતનો દસકો, બીજો મગફેરતનો દસકો અને ત્રીજો ઇતકે મિનન્નાર નો (જહન્નમથી આઝાદ થાવાનો) દસકો.**

મુમેનીન શહરૂલ્લાહને દૌરાન ઈજતેહાદ (જિસ્મના આઝાથી જેહાદ) પર લાઝિમ રહે, આરામ અને રાતની ઊંઘને તર્ક કરે, અલ્લાહતઆલા ની હર વક્ત ઝિક્ર કરે, તિલાવતે કુરઆન કરીને દિલને નૂરાની કરે, જમન, પાની અને જિસ્માની શેહવતોથી દૂર રહે, જિસ્મના તમામ આઅઝાને માઅસીયત અને બુરા કામોથી દૂર રાખે, દિલમાંથી હસદ, હિર્સ, અદાવત, કીનો, મકર ને દૂર કરે, અલ્લાહતઆલાની તકવા રાખે, મુનાજાત કરે, નિસ્ફીલ્લૈલ-તહજ્જુદ અદા કરે, દાઈ-એ-હક્કને ઝકાત અદા કરે, ફકીરો મિસ્કીનને સદકાત આપે, જમાઅતની ખિદમત ગુઝાર અંજુમનોને માલી ઈમદાદ કરે, સબીલુલ બરકાત (મસ્જિદની સબીલ) અદા કરે, હર વક્ત વુઝૂ અને પાકીની હાલતમાં રહે, અલ્લાહની તસ્બીહો-તેહલીલમાં વક્તને સર્ફ કરે.... આ તમામ એ આઅમાલ છે કે જે ઈન્સાનને ફરિશ્તાઈ સીરત અને સૂરત હાસિલ કરાવે છે. આના સબબ જન્નત હમારે તરફ શૌક કરે છે અને દરજા બલંદ થાય છે.

અલ્લાહતઆલા હમ તમામ મુમેનીન ને શહરૂલ્લાહના તમામ હુકૂક અદા કરવાની નેક તૌફીક અતા કરે અને રમઝાનના ઈખ્તેતામ પર હમને ઈન્સાની સીરતમાંથી ફરિશ્તાઈ સીરતના બનાવે અને નૂરાની લોગોના શમલમાં હમારો શુમાર કરે. ★

## –::: માહે સિયામ :::–

લમ્હા લમ્હા, પલ-બ-પલ, મંઝિલ-બ-મંઝિલ ગામ ગામ,
બખ્શિશોં કા રહમતોં કા નેઅમતોં કા ઈઝદેહામ,
અહલે દૌલત હો કે મુફલિસ ચાહે આકા યા ગુલામ,
જો ભી ચાહે બોહરવર હો, હે સિલાએ ખાસો આમ,
હૈં હવાએં અબ કરમ કી હૈં ઈનાયત સુબ્હો શામ,
લે કે પૈગામે અમલ ફિર આ ગયા માહે સિયામ.

લાઅનતે પૈહમ ગુનાહોં કી ન અબ સર લીજીયે,
રૂહ કા દામન ગુલે હસનાત સે ભર લીજીયે,
રોઝે મેહશર જન્નતુલ ફિરદૌસ મેં ઘર લીજીયે,
નૈકીયાઁ જિતની ભી મુમ્કિન હો અભી કર લીજીયે,
કાશ ઈસ ઔકે અમલ કો હો અતા ઉમ્રે દવામ,
લે કે પૈગામે અમલ ફિર આ ગયા માહે સિયામ. ★